### હિટ-એન્ડ-રન | વાલાવાવ ચોકડીથી કપડાં ખરીદી પરત ફરતી વેળાએ અકસ્માત

# અમરેશ્વર પાસે અજાણ્યા વાહન હડફેટે એક્ટિવા સવાર બે યુવકના કરુણ મોત

**ડેસર CHC ખાતે** માતા-પિતાના આક્રંદથી વાતાવરણ ગમગીન



(પ્રતિનિધિ) સાવલી, તા.30

ડેસર તાલુકાના ડેસર-ઉદલપુર માર્ગ પર અમરેશ્વર ગામના પાટીયા પાસે આવેલા પેટ્રોલ પંપ નજીક ગત તા.29 ડિસેમ્બરે સાંજે અંદાજે 5 વાગ્યાના અરસામાં અજાણ્યા વાહને એકટીવાને પાછળથી અડફેટે લેતાં બે નવયુવાનોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતા.

પ્રાપ્ત માહિતી મુજબ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના હઠીસિંહની મુવાડી ગામે રહેતા મેહુલકુમાર સંજયસિંહ ચાવડા (ઉંમર 14) અને વિશ્વરાજસિંહ લાલસિંહ ચાવડા (ઉંમર 21) બપોરે વાલાવાવ ચોકડી ખાતે કપડાં ખરીદવા આવ્યા હતા. સાંજે પરત ફરતી વેળાએ ભૈયાપુરા-અમરેશ્વર વચ્ચે પેટ્રોલ પંપ નજીક પાછળથી આવતા અજાણ્યા વાહનચાલકે તેમની એકટીવાને અડફેટે લીધી હતી. અકસ્માતમાં બંનેને માથા તથા શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓ ઘટનાસ્થળે જ મોતને ભેટ્યા હતા. ઘટનાની જાણ થતાં કોઈ અજાણ્યા વ્યક્તિએ 108 ઈમર્જન્સી સેવાને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ટીમે તપાસ બાદ બંનેના મોતની પુષ્ટિ કરી હતી. અકસ્માતની જાણ ડેસર પોલીસ સ્ટેશનને થતાં પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી અને બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ડેસરની CHC ખાતે ખસેડ્યા હતા. પોલીસે અજાણ્યા વાહનની ઓળખ માટે પેટ્રોલ પંપ સહિત આસપાસના વિસ્તારોના CCTV કેમેરા ચકાસવાની કાર્યવાહી શરૂ કરી છે. હઠીસિંહની મુવાડી ગામે દુર્ઘટનાની જાણ થતાં પરિવારજનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. ડેસર CHC ખાતે બંને યુવકોના માતા-પિતા પહોંચતા તેમના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

ઉલ્લેખનીય છે કે મેહુલકુમાર વેજપુરની વૈજનાથ વિદ્યાલયમાં ધોરણ 9માં અભ્યાસ કરતો અને અભ્યાસમાં હોશિયાર હતો, જ્યારે વિશ્વરાજસિંહે થોડા સમય પહેલાં જ એક કંપનીમાં નોકરી જોડેલી હતી. અકસ્માત બાદ વિસ્તારમાં હિટ-એન્ડ-રન સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

### ગીતાબેન રાઠવા ત્રણ દાયકાથી સંગઠનમાં સક્રિય છે

# પૂર્વ સાંસદ ગીતાબેનની ભાજપમાં ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક થતાં સન્માન

**ક્વાંટમાં** વેપારી મહાજન મંડળ અને પંચાયત તરફથી શુભેચ્છા કાર્યક્રમ



(પ્રતિનિધિ) ક્વાંટ, તા.30

ગુજરાત ભાજપ સંગઠનમાં છોટાઉદેપુરના માજી સાંસદ ગીતાબેન રાઠવાની ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવતા છોટાઉદેપુર જિલ્લામાં વિવિધ સ્તરે પ્રતિસાદ જોવા મળ્યો છે. આ નિમણૂકના અનુસંધાને ક્વાંટ ખાતે વેપારી મહાજન મંડળ તથા ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ દ્વારા શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.ક્વાંટ ગ્રામ પંચાયતના સરપંચ મહેશભાઈ, ઉપસરપંચ સંદીપભાઈ પંચાલ તેમજ વેપારી મહાજન મંડળના પ્રમુખ રૂપેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ભાવેશ પંચાલ, મંત્રી વીરેન્દ્ર પંચોલી, ખજાનચી બીરેનભાઈ પરીખ અને કારોબારી જીતેશ દરજી સહિતના પ્રતિનિધિઓએ ગીતાબેન રાઠવાને ફૂલહાર અને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિતોએ જણાવ્યું હતું કે ગીતાબેન રાઠવા છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ સંગઠનમાં સક્રિય રીતે કાર્યરત છે અને વિવિધ જવાબદારીઓ સંભાળતી આવી છે. ગુજરાત ભાજપ સંગઠનમાં તેમને સોંપવામાં આવેલી નવી જવાબદારી બદલ સંગઠનનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### શિનોરમાં બ્રહ્માકુમારી ધરતીબહેનના હસ્તે રસ્તાનું ખાતમુહૂર્ત કરાયું



**શિનોર |** શિનોર જોરભાઈ ના ફળીયા થી લક્ષ્મી ચોક અને લક્ષ્મીચોક થી નાની ભાગોળ સુધી આર. સી. સી. રસ્તાનુ ખાત મુહૂર્ત ગ્રામ પંચાયતના સત્તાધીસો, અગ્રણીઓની ઉપસ્થિતમાં તા.પ.સદસ્ય એપીએમસી ચેરમેન સચિન પટેલ અને બ્રહ્માકુમારીઝ ધરતીબેન ના હસ્તે કરવામાં આવ્યું હતું. શિનોર ગામમાં છેલ્લા એક વર્ષ થી વિકાસ ના કામો નાની ભાગોળ વિસ્તાર,કોલોનીમા સતત ચાલે છે. કોલોની, કડીયાવાદ, ડબ્બી ફળિયું, લક્ષ્મીચોક સિંધીવાડ અને ભટ્ટશેરી વિસ્તારના લોકોની વર્ષોની ગટર લાઈનની માગણીને ગ્રામ પંચાયતના મહિલા સરપંચ કિન્નલબેન પટેલ અને ઉપસરપંચ નિતિન ખત્રીની રજુઆતોના પગલે તત્કાલિન તા. પ. પ્રમુખ અને સરપંચ પતિ સચિન પટેલ દ્વારા જુદી જુદી તાલુકા પંચાયતમા આવતી ગ્રાન્ટમાંથી 50 લાખ ઉપરાંત ની ફાળવી આપતા ગટર લાઈન નુ કામ છેલ્લા એક વર્ષ થી ચાલે છે.

### ડભોઈ નગરના દક્ષિણ વિસ્તારમાં સાંપ સામે યુવાનની બાળ ચેષ્ટા

**ડભોઇ |** ડભોઇના દક્ષિણ વિસ્તારમાં ખોરાકની શોધમાં નીકળેલ સાપ બે યુવકોની નજરે ચડ્યો હતો. સાપને જોઈ યુવાન એ ગંભીરતા ના સમજી બાળ ચેષ્ઠા અને મશ્કરી સૂજી હતી.તેને ખિસ્સામાંથી રૂમાલ કાઢી મદારી ની જેમ રૂમાલ ને મોઢા માં ઘાલી બિન વગાડવા નું નાટક કર્યું હતું.જો નજર હટે અને દુર્ઘટના ઘટે તો પોતાનો જીવ પણ ખોઈ બેસે તે રીતે નું જોખમ કર્યું હતું.



વન વિભાગ ઘટના નો વાયરલ થયેલ વિડીયો જોઈ પગલા ભરે તો આવી ચેષ્ટાઓ કરનારાઓ ને સબક મળે તેમ છે. વન્ય જીવો નું રક્ષણ કરવું,તેની સલામતી અને દેખરેખ રાખવાનું કામ વન વિભાગ ની ફરજ માં આવે છે.છતાં ડભોઇ વન વિભાગ ની આળસુ કામગીરી થી છાશવારે વન્યજીવો ના ક્યાંક મરણ તો ક્યાંક ઇજાગ્રસ્ત થઈ રહ્યા હોવાના દાખલા સામે આવી રહ્યા છે.ત્યારે આવોજ એક બનાવ નો વિડીયો ડભોઇ ના દક્ષિણ વિસ્તાર માંથી વાયરલ થવા પામ્યો છે. જેમા એક સાંપ ખોરાક ની શોધ માં પોતાના દર માંથી નીકળી બહાર આવ્યો હોય તેને જોઈ યુવકે બાળ ચેષ્ઠા કરી હતી.નાગીન ફિલ્મ ની જેમ સપેરો બની મોઢામાં રૂમાલનું બિન બનાવી સાપની હેરાનગતિ કરતો હોવાનો વિડીયો વાયરલ થવા પામ્યો છે.

### ગડોથ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીએ તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો



**બોડેલી |** નિપુણ ભારત અંતર્ગત વાર્તાકથન સ્પર્ધામાં ગડોથ પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતી દીકરીના દેવાંશીબેન સંતોષભાઈ રાઠવા જે દીકરીના પિતા પણ નથી તેમજ માતા પણ સાથે રહેતી નથી કાકા અને કાકી સાથે રહીને અભ્યાસ કરે છે. જયારે શાળાના શિક્ષક ઉદયસિંહ રતનસિંહ રાઠવાના માર્ગદર્શન હેઠળ વાર્તા કથન સ્પર્ધામાં ગિજુભાઈ બધેકા વાર્તાનો વડલો ભાગ-૨ માંથી ' બોલે તે બે ખાય ' કલસ્ટર કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી પાંધરા ગૃપનું તેમજ ગડોથ પ્રાથમિક શાળાનું નામ રોશન કરેલ છે જે ગામનું ગૌરવ છે અને શાળામાં પણ આ સમયે દીકરીનું સન્માન કરેલ છે અને આચાર્ય દ્વારા ભવિષ્યમાં આગળ ખુબ પ્રગતિ કરે એવી શુભકામના શાળા વતી પાઠવવામાં આવી હતી.

# રાજલીમાં કેનાલ ઉભરાતાં ખેતરોમાં જળબંબાકાર થયો



(પ્રતિનિધિ) ડભોઇ, તા.30

ડભોઈ તાલુકાના રાજલી ગામના ખેડૂતોને ખેત જમીનમાં પાણી પહોંચાડવા માટે ખેતરોમાંથી નીકળતી નર્મદાની સબ માઈનોર કેનાલમાં પાણી છોડાયા હતા.પરંતુ છોડાયેલા પાણીનું સ્તર અને પ્રવાહ વધુ હોવાથી કેનાલના નાના કુવાઓ છલકાઈ ગયા હતા.જેથી કેનાલની આજુબાજુના કપાસ, તુવેર અને દિવેલાના ખેતરોમાં પાણી ફરી વળતા નુકશાન થયું હતું.

ડભોઈ પંથકમાં કેનાલોની દેખરેખમાં આળશ, કેનાલોમાં ઊગી નીકળતા ઝાડી ઝાંખરાની સાફસફાઈ, કેનાલ પરથી પસાર થતા ભારદારી વાહનો પર પ્રતિબંધ નથી.અને હવે સબ માઈનોર કેનાલ માં વધુ પડતું પાણી છોડી દેવાતા ઓવર ફ્લોને કારણે પાણી ખેતરોમાં ઘૂસી જતા ખેડૂતોના ઊભા પાકને નુકશાની થયાનું સામે આવ્યું છે. નર્મદા નિગમના વહીવટથી ખેડૂતોને ફાયદો થવાને બદલે નુકશાની વેઠવાનો વારો આવ્યો છે.જેથી વિફરેલા ખેડૂતોએ નિગમ સામે ભારે નારાજગી દર્શાવી વિરોધ કર્યો છે. આ અંગે ખેડૂતોના ઊભા મોલને થયેલા નુકશાનનું વળતર આપવા માંગ ઉઠી છે,.

# શિનોરમાં ઓવરલોડેડ રેતી વહન સામે કાર્યવાહી, 8 હાઈવા ઝડપાયાં

**માલસર માર્ગ પર** SDM અને ખાણ-ખનીજ વિભાગનું સંયુક્ત ચેકિંગ, વાહન માલિકોને દંડ



(પ્રતિનિધિ) શિનોર, તા.30

શિનોર તાલુકાના માલસર માર્ગ પરથી પસાર થતાં ઓવરલોડેડ રેતી વહન કરતા વાહનો સામે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કરજણના એસડીએમ અને ગુજરાત ખાણ અને ખનીજ વિભાગની સંયુક્ત ટીમે આકસ્મિક ચેકિંગ દરમિયાન રેતી વહન કરતા કુલ 8 હાઈવા વાહનો ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, માલસર માર્ગ પર નિયમિત રીતે ઓવરલોડેડ રેતીનું પરિવહન થવાની ફરિયાદોને પગલે તંત્ર દ્વારા ઓચિંતી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વાહનોમાં મંજૂર ક્ષમતાથી વધુ રેતી ભરેલી હોવાનું સામે આવતાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી.

ચેકિંગ સમયે તમામ વાહન માલિકોને સ્થળ પર બોલાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને નિયમભંગ બદલ લાખો રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે ખનિજના ગેરકાયદેસર વહન અને ઓવરલોડિંગ સામે કડક વલણ અપનાવવામાં આવશે.

શિનોર તાલુકામાં રેતી માફિયાઓની પ્રવૃત્તિ અંગે સમયાંતરે ફરિયાદો મળતી રહી છે. આવા સંજોગોમાં એસડીએમ અને ખાણ-ખનીજ વિભાગની સંયુક્ત કાર્યવાહીથી ખનિજના ગેરકાયદેસર વહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આવા આકસ્મિક ચેકિંગ ચાલુ રાખવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે, જેથી નિયમોનું પાલન થાય અને ગેરકાયદેસર ખનન તથા પરિવહન પર નિયંત્રણ રાખી શકાય.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આયોજિત જનઆક્રોશ યાત્રા છોટાઉદેપુર પહોંચી

# જબુગામમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનું આગમન, ભાજપ પર પ્રહારો

**મોંઘવારી, બેરોજગારી** અને ખેતી સંબંધિત મુદ્દાઓને લઈ ભાજપ સરકાર પર પસ્તાળ પડી



(પ્રતિનિધિ) બોડેલી, તા.30

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આયોજિત જન આક્રોશ યાત્રાએ નવમા દિવસે છોટા ઉદેપુર જિલ્લામાં પ્રવેશ કર્યો હતો. ફાગવેલથી શરૂ થયેલી યાત્રા જબુગામ ખાતે પહોંચતા સ્થાનિક સ્તરે લોકો અને કાર્યકરો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. યાત્રાના આગમન સમયે ઢોલ-નગારા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું અને જાહેરસભાનું આયોજન થયું હતું.

યાત્રા દરમિયાન મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોને ખાતર મળવાની મુશ્કેલી, કપાસના ભાવ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ યાત્રાનો ઉદ્દેશ્ય વિવિધ સામાજિક અને આર્થિક પ્રશ્નો અંગે જનતાની વાત સાંભળવી અને તેને આગળ લાવવાનો છે. કાર્યક્રમ દરમિયાન સૂત્રોચ્ચાર સાથે જાહેરમાં મુદ્દાઓ રજૂ કરાયા હતા.

જબુગામ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી, પૂર્વ ધારાસભ્ય સુખરામ રાઠવા, છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ શશીકાંત રાઠવા, જિલ્લા માઈનોરિટી પ્રમુખ અમજદ ખાન પઠાણ, જિલ્લા કોંગ્રેસના અગ્રણી પ્રોફેસર અર્જુન રાઠવા, જિલ્લા મહિલા પ્રમુખ મોનાબેન સહિત વિવિધ સેલના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

યાત્રા દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્થાનિક પ્રશાસન અને પોલીસ દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# છોટાઉદેપુરના જેતપુર પાવીમાં જન આક્રોશ યાત્રાને આવકાર



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.30

છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી ખાતે આજે જન આક્રોશ યાત્રા પહોંચી હતી. યાત્રાના આગમન સાથે જ વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં કાર્યકરો, સ્થાનિક આગેવાનો અને નાગરિકો યાત્રામાં જોડાયા હતા અને સરકાર વિરુદ્ધ ઉગ્ર નારાબાજી કરી હતી.

યાત્રા દરમિયાન મોંઘવાડી, બેરોજગારી, આદિવાસી વિસ્તારોના વિકાસના મુદ્દાઓ, પાણી-વીજળી જેવી મૂળભૂત સુવિધાઓની અછત તેમજ સ્થાનિક પ્રશ્નોને લઈને સરકાર પર આક્ષેપો કરવામાં આવ્યા હતા. નેતાઓએ જનતાને સંબોધતા જણાવ્યું હતું કે જન આક્રોશ યાત્રા જનતાના હક્કો માટેની લડાઈ છે અને જ્યાં સુધી પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આ અવાજ ઉઠતો રહેશે.

જેતપુર પાવી ખાતે યાત્રાનું સ્વાગત ઢોલ-નગારાં સાથે કરવામાં આવ્યું હતું. સ્થળ પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયો હતો. જન આક્રોશ યાત્રાના આગમનથી રાજકીય ચર્ચાઓ તેજ બની છે અને આગામી દિવસોમાં જિલ્લામાં રાજકીય ગતિવિધિઓ વધુ તેજ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ડભોઈમાં પંદર દિવસમાં થયેલી ચોરીઓની તપાસનો ધમધમાટ શરૂ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.30

ડભોઈ માં ગત 15મી ડિસેમ્બરથી 30મી ડિસેમ્બર સુધી થયેલી ઘરફોડ ચોરીઓ, વાહન ચોરીને લઈ જીલ્લા પોલીસ વડાએ જિલ્લાની પોલીસ એજન્સીને મેદાનમાં ઉતારી છે.

ડભોઈ કંસારાવાગા, ઝારોલાવાગા, વસઈ વાલા જીન, નંદનવન સોસાયટી, અક્ષર કાઉન્ટી સોસાયટી તેમજ કોહિનૂર પાર્ક સોસાયટી અને સીમળીયા ગામે ઘરફોડ અને વાહન ચોરીના ઉપરા છાપરી બનાવો બનવા પામ્યા છે. તસ્કરો સીસીટીવીમાં કેદ થઇ રહ્યા છે.પોલીસ હાઈટેક કોમ્પ્યુટર રાઈઝ અને અત્યાધુનિક સાધન સામગ્રી ટેક્નોલોજી થી સજ્જ છે.છતાં ચોર ચોરીઓ ને બિન્દાસ રીતે અંજામ આપી રહ્યા છે.ચોરો સામે પોલીસનો પનો ટૂંકો પડી રહ્યો છે.ત્યારે જીલ્લા પોલીસ વડા સુશીલકુમાર અગ્રવાલ એ ડભોઇ ની ચોરીઓ ના ઉપરા છાપરી બનાવોની ગંભીર નોંધ લઈ જીલ્લા પોલીસની એલ.સી.બી. અને એસ.ઓ.જી. સહિત પેરોલ ફર્લો સ્ક્વોડ ને પણ કામે લગાડ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# વડોદરામાં નકલી દાગીના મુકી 6.82 લાખની ગોલ્ડ લોન લીધી

**વ્યાજ સહિત** રૂ. 7.38 લાખની ચુકવણી ન કરાતા બેંકની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30


વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલી સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની શાખામાં ગોલ્ડ લોન સ્કીમ હેઠળ નકલી સોનાના દાગીનાં મૂકીને મોટી રકમની લોન લેવાઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. કુંપાડ વિસ્તારના એક વ્યક્તિએ બેંકમાં સોનાના દાગીનાં ગીરવે મૂકી રૂ. 6.82 લાખની લોન મેળવી હતી. તે સમયે બેંકના નિયુક્ત વેલ્યુઅરે દાગીનાં 22 કેરેટ હોવાનું પ્રમાણપત્ર આપ્યું હોવાનો ઘડસ્ફોટ થયો હતો.

બેંકના જણાવ્યા અનુસાર, લોનધારકે સમયસર હપ્તા ભર્યા ન હતા. વ્યાજ સહિત કુલ રૂ. 7.38 લાખની રકમ ચૂકવવા માટે વારંવાર નોટિસો મોકલવા છતાં કોઈ ચુકવણી કરવામાં આવી ન હતી. ત્યારબાદ દાગીનાંનું અન્ય સોની પાસે પુનઃવેરિફિકેશન કરાવતા તે નકલી હોવાનું બહાર આવ્યું હતું.

આ મામલે વાઘોડિયા રોડ શાખાના બ્રાન્ચ મેનેજર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ 2019 દરમિયાન ગોલ્ડ લોન માટે આવેલા આશીફ અશરફ મલેક (રહે. કુંપાડ રોડ, જલારામ તલાવડી, ગામ મંજુસર, જી. વડોદરા)એ નકલી દાગીનાં ગીરવે મૂક્યા હતા. સાથે જ તે સમયના વેલ્યુઅર દિલીપકુમાર નટવરભાઈ સોની દ્વારા દાગીનાંને 22 કેરેટ તરીકે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. બેંકનું માનવું છે કે લોનધારક અને વેલ્યુઅર વચ્ચે મીલીભગતથી બેંક સાથે છેતરપિંડી કરવામાં આવી છે.

બેંક દ્વારા આ બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે પાણીગેટ પોલીસ સ્ટેશનએ નકલી દાગીનાં મુકનાર લોનધારક તેમજ વેલ્યુઅર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે અને બંનેને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

# સાવલી તાલુકાના ગોઠડા ગામે ખેતરમાં જુગાર રમતા ૯ ઝડપાયા



(પ્રતિનિધિ) સાવલી, તા.30

સાવલી તાલુકાના ગોઠડા ગામે જિલ્લા એલ સી બી દ્વારા બાતમીના આધારે તમાકુના ખેતરમાં જુગાર રમતા 9 શખસ પકડાયાં હતાં.

વડોદરા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ ને માહિતી મળેલ કે ગોઠડા ગામે તમાકુના ખેતરમાં કેટલાક શખ્સો પાના પત્તાનો હારજીત નો જુગાર રમી રહ્યા છે બાતમીના આધારે ગોઠડા ગામે તમાકુના ખેતરમાં દરોડો પાડ્યો હતો. આ દરોડામાં અંગઝડતી માં રોકડ 29,400 રૂપિયા અને નવ મોબાઈલ સહિત 41 હજારનો મુદ્દામાલ મળી કુલ 75,100 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ઝડપાયેલા જુગારીયામાં સંજય ઉર્ફે જાડો સદુભાઈ ચૌહાણ (રહે ગોઠડા), અબ્દુલ ફતેસિંગ વાઘેલા (રહે ગોઠડા), કાળીદાસ સોમાભાઈ તલાર, (રહે.વડોદરા) મહમ્મદ માવસિંહ પરમાર (રહે લસુન્દ્રા), અજયકુમાર પ્રવીણ સિંહ પરમાર (રહે.ભાદરવા), સ્વપ્નિલ નગીનભાઈ તડવી (રહે. ભાદરવા), સલીમ બાબુભાઈ પરમાર (રહે.વડોદરા), બળવંત ચંદુભાઈ રાણા, (રહે.ભાદરવા), ઝાકીરહુસેન ગનીમીયા હાજી, વડોદરા શહેર એ-21 ભારતી નગર છાણી જકાતનાકા દીપ સિનેમા સામે વડોદરાનાઓની ધરપકડ કરીને સાવલી પોલીસ મથકને હવાલે કર્યા છે. જ્યારે એલસીબીની ટીમની રેડ ના પગલે તાલુકાના જુગારીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.